# SHREE VASISHTHA VIDHYALAYA

GUJARATI MEDIUM / BILINGUAL MEDIUM / ENGLISH MEDIUM (GSEB)

परस्परं भावयन्त:

'કેળવણીનો હેતુ વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓને યોગ્ય રીતે વિકસાવી તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવાનો છે.'

## STD. 4

# PARENTS' TEACHER GROUP MEETING

સ્નેહી વાલીશ્રી

સાદર નમસ્કાર!

શૈક્ષણિક વર્ષ 2025-26 ના પ્રથમ સત્રની શરૂઆત ખૂબ સારી રીતે થઇ ગઇ છે. બાળક પોતાના જીવનમાં વિવિધ સ્તરે એક પછી એક મૂલ્યોને આત્મસાત કરતો રહે એવી કેળવણી અને એવું વાતાવરણ નિર્માણ કરવાની સંપૂર્ણ જવાબદારી આપણાં સૌની છે. આ જવાબદારી આપણે સૌ પ્રામાણિકતાથી નિભાવી શકીએ તેમજ બાળક પ્રત્યે હકારાત્મક દ્રષ્ટિ કેળવી શકીએ તેમજ શાળાની વિશેષ કાર્ય પદ્ધતિ સમજી શકીએ એવા ઉમદા હેતુથી **ધો. 4 ના વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ માટે તા. 14/06/2025 ને શનિવારના રોજ નીચે આપેલ વિદ્યાર્થીના રોલ નંબર મુજબ ગ્રૂપ વાલી શિક્ષક મિટીંગનું આયોજન કરેલ છે.**

આ મિટીંગમાં વર્ષ દરમિયાન શાળા દ્વારા એજ્યુકેશન, સ્કીલ ડેવલોપમેન્ટ, એક્ટિવિટી અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ સંદર્ભે તેમજ **લાગણી થીમ** સંદર્ભે કયા પ્રકારની કામગીરી કરવાની છે તે અંગેની માહિતી આપવામાં આવશે તેથી નીચે આપેલ જે-તે સમયે અવશ્ય ઉપસ્થિત રહી બાળકના સર્વાંગી વિકાસમાં આપણે સૌ સહભાગી બનીએ.

નોંધ - ધોરણ 4 ના વિદ્યાર્થીના વાલીશ્રીએ નીચે આપેલા વિદ્યાર્થીના રોલ નંબર મુજબના સમયે જ ગ્રૂપ વાલી-શિક્ષક મિટીંગમાં આવવાનું રહેશે. ગ્રૂપ વાલી-શિક્ષક મિટીંગનો સમય 45 મિનિટનો રહેશે.

- **ગ્રૂપ - 1 રોલ નંબર 01 થી 20 ના વિદ્યાર્થીઓના વાલીશ્રીઓને સવારે 08:30 કલાકે જ શાળામાં આવવાનું રહેશે.**
- **ગ્રૂપ - 2 રોલ નંબર 21 થી ...... ના વિદ્યાર્થીઓના વાલીશ્રીઓને સવારે 10:30 કલાકે જ શાળામાં આવવાનું રહેશે.**

**ગ્રૂપ વાલી મિટીંગ :- તા. 14/06/2025, શનિવાર**

**સ્થળ :- પ્રાયમરી બિલ્ડીંગ (વર્ગખંડ)**

- વાલીશ્રીએ ઉપરોક્ત આપેલ રોલ નંબર મુજબના સમયે જ ગ્રૂપ વાલી-શિક્ષક મિટીંગ માં આવવાનું રહેશે, જેની ખાસ નોંધ લેવી.
- વાલી મિટીંગના દિવસે શૈક્ષણિક કાર્ય બંધ રહેશે અને વિદ્યાર્થીને શાળામાં રજા રહેશે.
- **વર્ગશિક્ષક દ્વારા ગ્રૂપ વાલી-શિક્ષક મિટીંગ સમયસર શરૂ થશે. તેથી વાલીશ્રીએ બાળકના જે તે ધોરણનાં વર્ગમાં ઉપરોક્ત સમયે જ હાજર રહેવા વિનંતી.**
- પાર્કિંગમાં અવ્યવસ્થા ન થાય તે ખૂબ જરૂરી છે, આથી આપનું વાહન ગમે ત્યાં પાર્ક નહિ કરતાં યોગ્ય જગ્યાએ પાર્ક કરી વ્યવસ્થાપકને સહકાર આપવા વિનંતી.
- જે વિદ્યાર્થીની શૈક્ષણિક વર્ષ 2025-26 ના પ્રથમ સત્રની ફી જો ભરવાની બાકી હોય તે વિદ્યાર્થીની ફી વાલી-શિક્ષક મિટીંગનાં દિવસે અવશ્ય ભરવાની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

**સહકાર બદલ આભાર...**

**આચાર્યશ્રી**